## તંત્રી સ્થાનેથી......

ગુજરાતમાં ચાલુ વર્ષે મેઘરાજાએ તમામ વિસ્તારમાં મેઘમહેર કરી છે. ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૯૨.૬૪ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ઉત્તર ગુજરાતમાં ૯૬.૯૪ ટકા વરસાદ, દક્ષિણ ગુજરાતમાં ૯૬.૯૧ ટકા, પૂર્વ-મધ્યમાં ૯૩.૭૯ ટકા, કચ્છમાં ૮૫.૧૪ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૮૪.૭૪ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરની દ્વારા જણાવાયું છે. વધુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૧૧૩ ડેમ હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યા છે. જેમાં ૮૨ ડેમ ૧૦૦ ટકા, ૬૮ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૪ ડેમ ૫૦થી ૭૦ ટકા વચ્ચે જ્યારે ૧૭ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૮૯ ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે. ગુજરાતમાં નોંધપાત્ર વરસાદના પરિણામે જગતના તાત એવા ખેડૂતો દ્વારા તા. ૦૧ સપ્ટેમ્બર-૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ કુલ ૯૬.૨૯ ટકા વિસ્તારમાં ખરીફ –ચોમાસું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ ૨૨ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર જ્યારે બીજા ક્રમમાં ૨૦ લાખ હેક્ટરમાં કપાસ જ્યારે ત્રીજા ક્રમમાં ૦૮ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે.

# અગ્રવાલ વિદ્યાવિહાર ઈંગ્લિશ મિડિયમ કોલેજ, વેસુનુ ગૌરવ



કમલમ્,
અગ્રવાલ વિદ્યાવિહાર કોલેજ, વેસુના એફ.વાય.બી.બી.એ.ના વિદ્યાર્થી વિક્કી ગુપ્તાએ ૧૦ મીટર પિસ્ટલ શુટિંગ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી રજત ચંદ્રક (સિલ્વર મેડલ) મેળવ્યો હતો તેમની આ સફળતાને કારણે તેઓની પસંદગી વી.એન.એસ.જી.યુ. પિસ્ટલ શુટિંગ ટીમમાં થઈ છે. હવે તેઓ માનવ રચના યુનિવર્સિટી, ફરીદાબાદ, હરિયાણા ખાતે યોજાનારી ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લેશે. અગ્રવાલ સમાજ વિદ્યાવિહાર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી સંજય સરાવગી તથા અન્ય પદાધિકારીઓ, કોલેજના મુખ્ય સલાહકાર ડૉ. યુ.ટી. દેસાઈ, I/C પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દૂઆ તથા સમસ્ત વ્યાખ્યાતાગણ તરફથી વિદ્યાર્થી અને તેમના માર્ગદર્શક લેફ્ટનન્ટ જિગર ચાવડાને હાર્દિક અભિનંદન.

# એસપીબી કૉલેજનું ગૌરવ



કમલમ્,
સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરતના વિદ્યાર્થી કનોજિયા આદિત્ય વિનોદભાઈ (એસ.વાય.બી.કોમ.)એ ૮૦ – ૮૫ કિ.ગ્રા. વજન કેટેગરીમાં વી.એન.એસ.જી.યુ. ઈન્ટર કોલેજ બોક્સિંગ (પુરુષ) ટુર્નામેન્ટમાં તા. ૨ અને ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ વી.એન.એસ.જી.યુ. બોક્સિંગ હોલ ખાતે ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. આશિષ પંડ્યા, સ્પોર્ટ્સ ટીચર ડૉ. ધનંજય યાદવ અને સ્ટાફ મિત્રો દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# નવનિર્માણ વિદ્યાલય ભરથાણા વેસુ, ખાતે શિક્ષક સન્માન કાર્યક્રમ યોજાયો



કમલમ્,
ઉધના રોટરી ક્લબ દ્વારા નવનિર્માણ વિદ્યાલય ભરથાણા, વેસુ ખાતે તારીખ ૪ સપ્ટેમ્બર ના રોજ શિક્ષક દિન નિમિત્તે શાળાના ત્રણ શિક્ષકો દિલીપભાઈ પરમાર, કેતનકુમાર સવાણી અને દર્શનાબેન પટેલને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ Outstanding Educator એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. રોટરી ક્લબ ઉધનાની પ્રમુખશ્રી મતી સુમિતા શાહ તથા શ્રી મનીષભાઈ દેસાઈના હસ્તે એવોર્ડ અપાયા. કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્યશ્રી વિમલ ચુડાસમાએ પુરસ્કૃત શિક્ષકોના કાર્યને બિરદાવતા અભિનંદન પાઠવ્યા હતા. રોટરી ક્લબ ઓફ ઉધના ની પ્રમુખશ્રી સુમિતા શાહે ત્રણેય શિક્ષકોને અભિનંદન પાઠવ્યા, તેમજ શિક્ષક દિનની શુભેચ્છા પાઠવતા શિક્ષકના મહત્વ ઉપર પ્રકાશ પાડ્યો હતો. ત્રણેય શિક્ષકો વતી શ્રી દિલીપભાઈ પરમાર દ્વારા રોટરી ક્લબ નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટે મણિનગર ખાતે પિકલબોલ એકેડમીનું ઉદ્ઘાટન કરાવ્યું



કમલમ્,
મણિનગરના ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટે SAG AMC મણિનગર પિકલબોલ એકેડમીનું ઉદ્ઘાટન કર્યું હતું. મણિનગર વિસ્તારમાં આ પ્રથમ પિકલબોલ કોર્ટ છે. આ ઉદ્ઘાટન સમારોહમાં મણિનગર વોર્ડના કાઉન્સિલર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દંડક શ્રી શીતલબેન ડાગા, શ્રીમતી ઈલાક્ષીબેન શાહ, શ્રી કરણ ભટ્ટ, ડૉ. ચંદ્રકાંત ચૌહાણ તથા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દક્ષિણ ઝોનના હોદ્દેદારો તથા ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઓફિસર શ્રી સમીર પંચાલ તથા SAG AMC મણિનગર ટેનિસ એકેડમીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો વન મહોત્સવ કાર્યક્રમ દાંડીના સમર્પણ આશ્રમ ખાતે યોજાયો

કમલમ્, નવસારી
નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં "પર્યાવરણના જતન થકી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી થઈએ" થીમ હેઠળ સમર્પણ આશ્રમ દાંડી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈના અધ્યક્ષતા હેઠળ નવસારી જિલ્લાનો ૭૬ મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વૃક્ષ એક - આશા અનેક" ભારતીય સંસ્કૃતિમાં છોડને રણછોડ તરીકે માનવામાં આવે છે. હવા, પાણી અને જમીનનું પ્રદૂષણ, ભૂગર્ભ તળ ઊંડા જવા, અનિયમિત વરસાદ, પાણીની અછત અને ગરમીમાં વધારો જેવી કુદરતી આફતો પરિબળો પર્યાવરણ સામેના પડકારો છે. સરકાર દ્વારા યોજવામાં આવતો "વન મહોત્સવ" એક એવો કાર્યક્રમ છે, જે વૈશ્વિક પર્યાવરણની સમસ્યાને નાથવા માટે શરૂ કરવામાં આવ્યો છે. સરકારશ્રીના વન વિભાગ વૃક્ષો, વન્ય જીવો અને પ્રકૃતિ માટે નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યો છે. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષશ્રી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પરેશભાઈ દેસાઈએ પ્રાસંગિક ઉદબોધન આપતા કહ્યું હતું કે, વૃક્ષો એ આપણા જીવન સાથે વણાયેલા છે. આપણા નવસારીના ખેડૂતો વાર-તહેવારે કે પ્રસંગોમાં વર્ષોથી વૃક્ષોની પૂજા કરતા આવ્યા છે. વૃક્ષોનું જતન કરી એની જાળવણી કરવી એ આપણી સૌની પ્રથમ ફરજ છે. વધુમાં એમણે ઉમેર્યું હતું કે, આપણે સંસ્કૃતિનું તો રક્ષણ કરીએ જ છીએ, સાથે સાથે પ્રકૃતિનું પણ રક્ષણ કરીએ. વર્ષ ૨૦૦૪માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન મહોત્સવની શરૂઆત કરી હતી, જેના પરિણામ સ્વરૂપ રાજયમાં અનેક વન નિર્માણ પામ્યા છે. ખેડૂત ભાઈઓ-બહેનો પોતાના ખેતરો ફરતે ઓછામાં ઓછા ૧૦ વૃક્ષો વાવીને તેનું જતન કરે તે જરૂરી છે. એ માટે તમને જોઈએ એવા વૃક્ષો આપવા માટે સરકારશ્રીનો વન વિભાગ સદાય તત્પર રહ્યો છે. આપણે સૌએ ભેગા મળીને વન વિભાગ તરફથી મળતી આ સહાયનો લાભ મેળવી નવસારીની ધરતીને હજી વધુ હરિયાળી બનાવવાની છે. આ ઉપરાંત ઉપસ્થિત સૌને અનુરોધ કરતા જણાવ્યું કે, આપણે વૃક્ષોનુ જતન કરીશુ તો એ જ વૃક્ષો ભવિષ્યમાં આપણું જતન કરશે. તમામ પ્રકારે વૃક્ષો આપણને જરૂરી છે. વૃક્ષોના આયુષ્ય સાથે આપણું આયુષ્ય જોડાયેલું છે. નિરોગી જીવન જીવવા માટે આપણી આસપાસનો વિસ્તાર હરિયાળો હોય એ જરૂરી છે. આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવોના વરદ હસ્તે ગ્રામ પંચાયત ધારાગીરી તથા



ધનોરી ગ્રામ પંચાયતને ચેક વિતરણ તથા વૃક્ષારોપણ તથા પર્યાવરણ જાળવણીના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સમાજિક વનીકરણ વિભાગના રેજ ફોરેસ્ટ અધિકારીશ્રીઓ કર્મચારીઓ તથા નવસારી જિલ્લાની સમાજિક સંસ્થાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પર્યાવરણના સરંક્ષણ પ્રત્યે મહાનુભાવો સહિત ઉપસ્થિત સર્વ લોકોએ પ્રતિજ્ઞા લીધી હતી. વન મહોત્સવના આ કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા આશ્રમના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સાથે વૃક્ષરથને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ વૃક્ષ રથના માધ્યમથી છોડનું વિતરણ કરીને પર્યાવરણના જતનનો સંદેશ સમગ્ર લોકો સુધી પહોંચાડવામાં આવશે.

આ કાર્યક્રમમાં વન ઉતર ડાંગ નાયબ વન સરંક્ષકશ્રી મુરારીલાલ મીણા, નવસારી સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સરંક્ષકશ્રી ઉર્વશી પ્રજાપતિ, મદદનીશ નાયબ વન સંરક્ષકશ્રી કેયુર પટેલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ કે રાય, જલાલપોર મામલતદાર શ્રી મૃણાલ ઈસરાણી, તાલુકા પંચાયત ચીખલી પ્રમુખ શ્રી રાકેશભાઈ દેસાઈ, તાલુકા પંચાયત ખેરગામ પ્રમુખ શ્રી રાજેશભાઈ દેસાઈ, દાંડીના સરપંચ શ્રી નિકિતાબેન પટેલ, સમર્પણ આશ્રમ દાંડીના સંચાલકો, શાળાના વિધાર્થીઓ, વન વિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# "જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત સેલ્ફ ફાઈનાન્સ કોલેજ માં શિક્ષક દિવસની ઉજવણીનું આયોજન"



કમલમ્,
જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં તા. ૪/૯/૨૦૨૫ ના રોજ શિક્ષક દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને શિક્ષક દિન નિમિત્તે પોતાના પ્રિયજન શિક્ષકની ભૂમિકા ભજવીને વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્ય કરાવ્યું હતુ અને એક સફળ શિક્ષક કઈ રીતે બની શકાય તેની તાલીમ દીધી હતી. આ શિક્ષક દિન નું આયોજન કોલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી અને સાંસ્કૃતિક કમિટીના પ્રતિનિધિ ડૉ. હિરલ પટેલ ના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

# માંડલ તાલુકામાં ખેડૂતો ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા યોજાયેલા પ્રેરણા પ્રવાસમાં જોડાયા

## પ્રાકૃતિક કૃષિ આધારિત મોડેલ ફાર્મની મુલાકાતમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતીના મહત્વ અને સિદ્ધાંતોથી માહિતગાર થયા



કમલમ્,
ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા માંડલ તાલુકામાં 'જિલ્લા અંદરનો પ્રાકૃતિક કૃષિ પ્રેરણા પ્રવાસ' યોજવામાં આવ્યો હતો. આ પ્રેરણા પ્રવાસમાં ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ બોર્ડના અધિકારી સુશ્રી અંજનાબહેનની અધ્યક્ષતામાં ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ આધારિત મોડેલ ફાર્મની મુલાકાતનું આયોજન થયું હતું. આ મુલાકાત દરમિયાન, સુશ્રી અંજનાબહેને ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગથી જમીનને થતા નુકસાન અને તેનાથી બંજર બનવાની પ્રક્રિયા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે રાસાયણિક ખેતીથી પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરો વિશે પણ ખેડૂતોને જાગૃત કર્યા હતા. આ પ્રેરણા પ્રવાસમાં અંદાજે પચાસ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીના મુખ્ય સિદ્ધાંતો જેવા કે બીજામૃત, ઘનજીવામૃત, જીવામૃત, આચ્છાદન અને વાપસા વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

# નર્મદા જિલ્લામાં માત્ર ચાર બાળકોના શિક્ષણ માટે શરૂ થયેલી ગોરા સરકારી પ્રાથમિક શાળામાં અત્યારસુધી ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કર્યું

## આ શાળામાંથી અત્યારસુધીમાં ૩૫થી વધુ આદિવાસી વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કરીને સરકારી - ખાનગી નોકરી મેળવી







## શિક્ષણ ક્ષેત્રમાં ભગીરથ કાર્ય કરનાર આ ગોરા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી શાંતિલાલને 'શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર-૨૦૨૫'થી સન્માનિત કરાશે

કમલમ્,
આદિવાસી વિસ્તારોના બાળકો ભણી ગણીને સરકારી અને ખાનગી ક્ષેત્રે પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવે તે માટે ગોરા પ્રાથમિક શાળાના 'નર્મદા રત્ન' શિક્ષક શ્રી શાંતિલાલ ભોઈ સતત કાર્ય કરી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકામાં સરદાર સરોવર નર્મદા યોજનાના પુનઃવસવાટ અસરગ્રસ્તોના બાળકોને શિક્ષણ મળી રહે તે માટે વર્ષ -૧૯૯૯માં ગોરા ખાતે સરકારી પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવી હતી. આ વર્ષે 'શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર-૨૦૨૫'થી સન્માનિત થનાર શિક્ષક શ્રી શાંતિલાલ ભોઈએ જણાવ્યું કે, નર્મદા જિલ્લામાં જ્યારે શિક્ષક તરીકે મારી નિમણુંક થઈ હતી, ત્યારે શાળાને પોતાનું મકાન ન હોવાથી શિક્ષણપ્રેમી શ્રી ગોવિંદભાઈ તડવીના મકાનના એક ખૂણામાં એક ખુરશી, ટેબલ, અલમારી અને કાળાપાટીયા સાથે પ્રાથમિક શાળા ધોરણ – ૧થી૪નું શિક્ષણકાર્ય સૌપ્રથમ માત્ર ચાર વિદ્યાર્થીઓ સાથે શરૂ કરવામાં આવ્યું હતું. આ શાળામાંથી અત્યારસુધીમાં ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રાપ્ત કરીને સરકારી – ખાનગી સહિત વિવિધ ક્ષેત્રે પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી છે. તેમના દ્વારા શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ નવી પહેલમાં વર્ષ-૨૦૧૮-૧૯માં ચાલો, બાળપણને વિકસાવીએ, વર્ષ-૨૦૧૯-૨૦માં નવતર એક ઉપચાર અનેક, વર્ષ ૨૦૨૦-૨૧માં શિક્ષા સેતુ, વર્ષ-૨૦૨૧-૨૨માં ઓપન સ્માર્ટ ક્લાસ, વર્ષ-૨૦૨૨-૨૩માં સ્કેનિંગ બાય લર્નિંગ, વર્ષ-૨૦૨૩-૨૪માં એનિ ટાઈમ લર્ન (A.T.L), વર્ષ- ૨૦૨૪-૨૫માં મિશન C.E.T, વર્ષ- ૨૦૨૫-૨૬માં ટોટલ ફિઝીકલ રિસ્પોન્સ (T.P.R) શરૂ કરવામાં આવી હતી. જેની જિલ્લા –રાજ્યકક્ષાએ નોંધ લેવાતા શ્રી શાંતિલાલે શિક્ષક તરીકે 'નર્મદા રત્ન'થી 'શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર' સુધીની સિદ્ધિઓ હાંસલ કરી છે.

આ ઉપરાંત શ્રી શાંતિલાલ ભોઈએ CRC કક્ષાએ:- "પ્રતિભાશાળી શિક્ષક", તાલુકા કક્ષાએ "તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક", જિલ્લા કક્ષાએ જિલ્લા "શ્રેષ્ઠ શિક્ષક", "ઈનોવેટીવ શિક્ષક", પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં શૈક્ષણિક ટેબ્લો માટે "સન્માનપત્ર" તેમજ નર્મદા જિલ્લા સર્વોચ્ચ સન્માન "નર્મદારત્ન" નો ખિતાબ મળ્યો હતો. આદિવાસી બાળકોમાં શિક્ષણનો બીજ અંકુરણ કરનાર "નર્મદારત્ન" શિક્ષકશ્રી શાંતિલાલ ભોઈને તેમના શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓના કાર્યને ધ્યાનમાં લઈને ૫ સપ્ટેમ્બર શિક્ષક દિને તેમણે 'શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું કે, વર્ષ ૨૦૧૮-૧૯માં "ચાલો, બાળપણને વિકસાવીએ" શાળાનો ઈનોવેટીવ પ્રોજેક્ટ જિલ્લાકક્ષાએ ઈનોવેશન ફેરમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ ઈનોવેટીવ પ્રોજેક્ટ ડિજિટલ કેસસ્ટડી અંતર્ગત ગાંધીનગર ખાતે અને રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય સ્કૂલ લિડરશિપ કોન્ફોરન્સમાં પ્રેઝન્ટેશન સ્વરૂપે દિલ્હી ખાતે રજૂ કરવાનો સોનેરી અવસર મળ્યો હતો. શિક્ષણ વિભાગે આ ઈનોવેટીવ પ્રોજેક્ટને SSA- સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા રાજયની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાર્યરત કરવાનો આદેશ કર્યો હતો. વધુમાં તેમણે કહ્યું કે, વ્યસનમૂક્તિ અભિયાન, સ્વચ્છતા અભિયાન અને આરોગ્ય પ્રત્યે વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનોમાં જન -જાગૃતિ લાવવા શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ કરવા બદલ શિક્ષણ વિભાગ તરફથી "સ્વચ્છ વિદ્યાલય"નો પુરસ્કાર પણ શાળાને પ્રાપ્ત થયો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ઓપન સ્માર્ટ ક્લાસ ઈનોવેટીવ પ્રોજેક્ટ દ્વારા ધોરણ- ૩ થી ૫ ના કુલ- ૧૪ વિષયોના ૨૧૦ જેટલા પાઠ્યક્રમોની ૨૧૦ પીપીટી તૈયાર કરીને ઓનલાઈન અને ઓફલાઈન બન્ને પદ્ધતિથી આકર્ષક અને અસરકારક રીતે શિક્ષણકાર્ય શરૂ કરીને ખાનગી શાળાઓને પણ મફત ઓનલાઈન શિક્ષણનું સચોટ ઉદાહરણ આપ્યું હતું. આ કપરા સમયે મારું ઈનોવેશન સતત બીજીવાર રાજ્ય કક્ષાએ રજૂ થયું હતું. દરેક એકમની પીપીટીના એકમવાર ઊઈ કોડ તૈયાર કરી માસવાર, ધોરણવાર મુજબ ઝ્ઝઈઈના સુચવેલ અભ્યાસક્રમ પ્રમાણે ગોઠવીને જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેરમાં રજૂ કરવામાં આવ્યો હતો. શાળાના ઈનોવેશન Learning By Scanning દ્વારા તૈયાર થયેલ Q R કોડને સૌથી વધુ ઊઈ કોડ બનાવાનો રેકોર્ડ INDIA BOOK OF RECORD અને WORLD RECORD OF EXCILENCE (IBR) માં સ્થાન મેળવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક પર કાર્યની નોંધ લેવામાં આવી હતી. ધોરણ-૩ થી ૫ના કુલ-૧૪ વિષયોના ૨૫૦૦ જેટલા પાનાંને ડિજિટલ માસવાર અભ્યાસક્રમ આયોજનમાં માત્ર ૧૧ પાનામાં સમાવી બેગલેસ, પેપરલેસ અભ્યાસક્રમ તૈયાર કરવાની સાથે ભાર વગરના ભણતરની દિશામાં શિક્ષકશ્રી શાંતિલાલ ભોઈએ ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું હતું.

